ક્રમાંક :મા.વિ.૬/કાર્યક્રમ /૨૦૧૮/ ૨૧૯૬

જિલ્લા શિક્ષણાધિકારીની કચેરી

બનાસકાંઠા,પાલનપુર

તા.૧૫/૦૨/૨૦૧૮

પ્રતિ,

આચાર્યશ્રી,

સરકારી, ગ્રાન્ટેડ અને નોન-ગ્રાન્ટેડ

મા.અને ઉ.મા. તમામ શાળાઓ

જિ.બનાસકાંઠા

**વિષય:- માન.વડાપ્રધાનશ્રીના તા.૧૬ ફેબ્રુઆરી, ૨૦૧૮ના રોજ આયોજિત કાર્યક્રમ બાબત.**

**સંદર્ભ: ગુજરાત પ્રારંભિક શિક્ષણ પરિષદ ના પત્ર ક્રમાંક નં. SSA/MIS/૨૦૧૮/૫૮૧૨-૫૮૮૪ તા.૧૪/૦૨/૨૦૧૮**

ઉપરોક્ત વિષય અન્વયે જણાવવાનું કે, તા.૧૬ ફેબ્રુઆરી, ૨૦૧૮ના રોજ માન. વડાપ્રધાનશ્રી પરીક્ષાનો તણાવ કેવી રીતે દૂર કરવો તે અંગે શાળાઓ અને કોલેજોના વિદ્યાર્થીઓ સાથે વાર્તાલાપ કરનાર છે. આ વાર્તાલાપ કાર્યક્રમનો સમય જે સવારે ૧૧.૦૦ કલાકનો હતો તેમાં ફેરફાર થઈને સવારે ૧૧.૪૫ કલાકનો થયેલ છે. જેની નોંધ લેવા જણાવવામાં આવે છે.

તમામ શાળાઓએ સંદર્ભદર્શિત પત્રમાં જણાવેલ સૂચનાઓને અનુસરીને દરેક શાળાએ ઓછામાં ઓછો એક ફોટો અને વિડિયો તા.૧૬/૦૨/૨૦૧૮ ના રોજ સાંજે ૧૪.૦૦ વાગ્યા સુધીમાં bnsdeo@gmail.com પર ફરજીયાત મોકલી આપવા જણાવવામાં આવે છે.

જિલ્લા શિક્ષણાધિકારી

બનાસકાંઠા, પાલનપુર

**બિડાણ :** સંદર્ભદર્શિત પત્ર

**નકલ રવાના:** લાયઝન અધિકારીશ્રી, તમામ

૨/ જાણ વ તથા જરૂરી કાર્યવાહી કરાવવા સારું.

નકલ રવાના:-

શ્રીમાન એ.એન પ્રજાપતિ,

નોડલ ઓફીસર મ.શિ.નિ.

સંકલન અર્થે જરૂરીયાતી પૂર્તિ કરવા સારૂં.

સંદીપ કુમાર, આઈ.એ.એસ.
સ્ટેટ પ્રોજેક્ટ ડાયરેક્ટર,
સર્વ શિક્ષા અભિયાન અને
કમિશનર, પ્રાથમિક શિક્ષણ

सत्यमेव जयते

ગુજરાત પ્રારંભિક શિક્ષણ પરિષદ
સર્વ શિક્ષા અભિયાન (એસએસએ)
સ્ટેટ પ્રોજેક્ટ ઓફિસ, સેક્ટર-૧૭
ગાંધીનગર-૩૮૨૦૧૭, ગુજરાત.
ફોન : (૦૭૯) ૨૩૨ ૪૩૧૩૩ ફેક્સ : ૨૩૨ ૩૮૪૦૪
E-mail : spdssa@gmail.com
Toll Free No. : 1800-233-7965

તા.૧૫/૦૨/૨૦૧૮

ક્રમાંક: SSA/MIS/૨૦૧૮/ ૬૪૧૨ - ૬૪૬૫

પ્રતિ,

(૧) જિલ્લા શિક્ષણાધિકારીશ્રી
જિલ્લા શિક્ષણાધિકારીશ્રીની કચેરી,
જિલ્લાઃ તમામ

(૨) જિલ્લા પ્રોજેક્ટ કો.ઓર્ડિનેટરશ્રી અને
જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી
સર્વ શિક્ષા અભિયાન, જિલ્લા પ્રોજેક્ટ કચેરી,
જિલ્લાઃ તમામ

(૩) મદદનીશ જિલ્લા પ્રોજેક્ટ કો.ઓર્ડિનેટરશ્રી અને
શાસનાધિકારીશ્રી, નગર શિક્ષણ સમિતિ,
કોર્પોરેશનઃ અમદાવાદ, રાજકોટ, સુરત, વડોદરા

**વિષયઃ માન. વડાપ્રધાનશ્રીના તા.૧૬ ફેબ્રુઆરી, ૨૦૧૮ના રોજ આયોજિત કાર્યક્રમ બાબત**

**સંદર્ભઃ MHRD, ભારત સરકારના પત્રક્રમાંક D.O. No. 11-ADC20Note/4/2018-ADC(Acad) તા.૧૩/૦૨/૨૦૧૮**

આપ જાણો છો તેમ, તા. ૧૬ ફેબ્રુઆરી, ૨૦૧૮ના રોજ માન. વડાપ્રધાનશ્રી પરીક્ષાનો તણાવ કેવી રીતે દૂર કરવો તે અંગે શાળાઓ અને કોલેજોના વિદ્યાર્થીઓ સાથે વાર્તાલાપ કરનાર છે. **આ વાર્તાલાપ કાર્યક્રમનો સમય જે સવારે ૧૧.૦૦ કલાકનો હતો તેમાં ફેરફાર થઈને સવારે ૧૧.૪૫ કલાકનો થયેલ છે.** જેની નોંધ લઇ તમામ શાળા કક્ષાએ જાણ કરવાની રહેશે. જે અન્વયે શાળા કક્ષાએ પ્રસારણ નિહાળવા/સાંભળવા માટે જરૂરી વ્યવસ્થા સુનિશ્ચિત કરવા માટે અત્રેની કચેરીના તા.૧૨/૦૨/૨૦૧૮ના પત્રથી આપેલ સુચનાઓ મુજબ વિગતે આયોજન થઇ ગયેલ હશે.

સમગ્ર રાજ્યમાં સદર કાર્યક્રમનો લાભ શાળાઓ અને કોલેજોના ધોરણ ૬ થી ઉપરના ધોરણમાં અભ્યાસ કરતાં તમામ વિદ્યાર્થીઓને મળે તેમજ આવી તમામ શાળા કક્ષાએથી કાર્યક્રમ નિહાળતા વિદ્યાર્થીઓનો ઓછામાં ઓછો એક ફોટોગ્રાફ અને વિડીયો મળે તે MHRD, ભારત સરકારની સુચના મુજબ સુનિશ્ચિત કરવાનું થાય છે.

ઉક્ત વિગતે ફોટોગ્રાફ અને વિડીયો અપલોડ કરવા માટે નીચેની સુચના મુજબ કામગીરી કરવાની રહેશેઃ

**ફોટોગ્રાફ્સઃ**

૧. **Google driveની સ્ટોરેજ ક્ષમતાને ધ્યાને લઈ અત્રેથી જિલ્લા/કોર્પોરેશન માટે નવા ઇ-મેઇલ આઇડી બનાવી મોકલી આપવામાં આવેલ છે.**

૨. **તાલુકા કક્ષાએ શાળા કક્ષાએથી મેળવેલ ફોટોગ્રાફના ફાઇલ નામમાં શાળાના નામ, તાલુકો અને જિલ્લાના નામ સાથે Save કરી compile કરવાના રહેશે.**

૩. જિલ્લા કક્ષાએ અત્રેથી મળેલ ઇ-મેઈલ આઈડીની મદદથી compile કરેલ દરેક શાળાના ફોટોગ્રાફને Google driveમાં અપલોડ કરવાના રહેશે. (શાળા દીઠ ઓછામાં ઓછો એક ફોટોગ્રાફ અપલોડ કરવાનો રહેશે)

**વિડીયોઃ**

૧. તાલુકા કક્ષાએ શાળા કક્ષાએથી મેળવેલ વિડીયોના ફાઇલ નામમાં શાળાના નામ, તાલુકો અને જિલ્લાના નામ સાથે Save કરી compile કરવાના રહેશે.

૨. જિલ્લા કક્ષાએ અત્રેથી મળેલ ઇ-મેઈલ આઈડીની મદદથી compile કરેલ વિડીયોને YouTube પર અપલોડ કરવાના રહેશે.

૩. જિલ્લા કક્ષાએથી અપલોડ થયેલ વિડીયોની વિડીયો લીંક આ સાથે share કરેલ Google Spreadsheetમાં જે તે શાળાના નામની સામે મુકવાની રહેશે.

સદર કાર્યક્રમ અંતર્ગત લાભાર્થી વિદ્યાર્થીઓ પ્રસારણ નિહાળતા/સાંભળતા હોય તેવો દરેક શાળાનો ગુણવત્તાયુકત ઓછામાં ઓછો એક ફોટોગ્રાફ અને અપલોડ થયેલ વિડીયોની YouTube લીંક ઉકત વિગતે ગોઠવાયેલ વ્યવસ્થામાં અત્રેની કચેરીને મળી રહે તે અંગે આપની કક્ષાએથી યોગ્ય આદેશ તથા સમીક્ષા થવા જણાવવામાં આવે છે.

**નોંધઃ-** જિલ્લાની તમામ પ્રારંભિક (ધો.૧ થી ૮), ઉચ્ચ પ્રાથમિક(ધો.૬ થી ૮), માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓના ફોટોગ્રાફ અને વિડીયો ઉકત વિગતે compile કરી જિલ્લા પ્રોજેક્ટ કચેરી, સર્વ શિક્ષા અભિયાન ખાતે એકંદરિત કરવાના રહેશે. જે માટે ઉપરોકત સુચના મુજબ જિલ્લા શિક્ષણાધિકારીશ્રીની કચેરીએ જિલ્લા પ્રોજેક્ટ કચેરી, સર્વ શિક્ષા અભિયાન સાથે જરૂરી સંકલન કરી લેવાનું રહેશે.

(સંદીપ કુમાર)

**નકલ સવિનય રવાના માન.મંત્રીશ્રીના ધ્યાને મુકવા સારૂઃ**

- પી.એ. ટુ માન. શિક્ષણમંત્રીશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર

**નકલ સવિનય રવાના જાણ સારૂઃ**

- માન. અગ્રસચિવશ્રી, શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર

**નકલ જાણ અર્થે રવાનાઃ**

- **નિયામકશ્રી, શાળાઓ, કમિશ્નરશ્રી શાળાઓની કચેરી, બ્લોક નં. ૯/૧, ડો. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર**
- **નિયામકશ્રી, પ્રાથમિક શિક્ષણ, નિયામકશ્રી પ્રાથમિક શિક્ષણની કચેરી, બ્લોક નં.૧૨/૧, ડો. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર**
- **તમામ ઓઆઇસી, આ કચેરી**